# ઋતુસંહારનું વૈશિષ્ટ્ય

મહાકવિ કાલિદાસની મળતી સાત કૃતિઓ પૈકી છ કૃતિઓમાં તો વૈદિક, પૌરાણિક કે પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાંથી વિષયવસ્તુ પસંદ કરવામાં આવ્યું છે, જેમ કે 'માલવિકાગ્નિમિત્ર'માં રાજા અગ્નિમિત્ર અને માલવિકાની કથા હતી તો 'વિક્રમોવર્શીય'માં ઉર્વશી અને પુરુરવાની વિશિષ્ટ કથાનું આલેખન છે. 'અભિજ્ઞાન શાકુંતલમ્'માં દુષ્યંત અને શકુંતલાની પૌરાણિક વાતને સુંદર રીતે રજૂ થયેલ છે. વળી આ ત્રણેય કૃતિઓ નાટક હતાં તે પણ ન ભૂલવું જોઈએ.

અન્ય ખંડકાવ્યમાં બંને મહાકાવ્ય રઘુવંશ અને 'કુમારસંભવમ્' કોઈ એક ચોક્કસ કથાપ્રવાહથી બદ્ધ હતાં. તેથી કાલિદાસ માટે આ વિષયમાં પૂર્વે કથાયેલ નિશ્ચિત વિગતની બહાર નીકળવું અને કલ્પનાવિહાર કરવો તે મુશ્કેલ હતું. એમ કહેવાય છે કે 'કુમારસંભવમ્'ની રચના માટે તો કાલિદાસે માતા પાર્વતીનું શૃંગારિક વર્ણન કરતાં-કરતાં, વિક્ષુબ્ધ બની, આઠમા સર્ગ પછી વિરામ પણ લીધો હતો. આ બધી બાબત પરથી તે ફલિત થાય છે કે આ કાવ્યોમાં મહાકવિને પણ કથાવસ્તુના મર્યાદિત કારણસર મર્યાદાઓને લીધે, તેની ઉડાન થોડી બાધ્ય રહી હશે, છતાં પણ અનુપમ રસસભર કૃતિઓ મહાકવિ આપી શક્યા છે.

જે કૃતિનું અહીં પરિશીલન કરવાનું છે તે, 'ઋતુસંહાર' તો કોઈ પણ પૌરાણિક સંદર્ભો કે કોઈ વૈદિક પૌરાણિક પાત્રના ચિત્રણ સાથે સંલગ્ન વિગત ધરાવતી નથી. તેથી ભાવ પ્રદેશને યદચ્છયા સ્વૈરવિહાર કરવાની અનુમતિ મળી જાય છે. અન્ય ગીતિકાવ્ય 'મેઘદૂત'માં કવિને પોતાની કલમ ફક્ત વર્ષાના વર્ણન માટે જ ઉપયોગમાં લેવાની હતી, જ્યારે અહીં તો તેવું એક ઋતુકાળનું પણ કોઈ બંધન ન રહેતાં કવિ બંધનમુક્ત થઈ જાય છે. આ રીતે કાલિદાસની વાણીને બધા જ પાસથી વિમુક્ત ઉડાનની તક મળે છે! તેથી આ ગીતિકાવ્ય વધુ પ્રાસાદિક રીતે લખાયું છે.

કેટલાક વિવેચકો આ કૃતિને કાલિદાસની પ્રારંભની અને થોડી નબળી કૃતિ કહી આલોચના કરે છે. મને આશા છે કે આ અભિનવ પરિશીલન વાંચ્યા પછી કોઈ પણ વાચક કે વિદ્વાન પોતાના અભિપ્રાયને બદલવા બાધ્ય થશે.

આટલા વિપુલ પ્રમાણમાં સંસ્કૃત સાહિત્યમાં માત્ર ઋતુઓનું વર્ણન કરતું હોય તેવું એક પણ કાવ્ય મળતું નથી. કોઈ આશ્રમ, પર્વત, તીર્થ, વન, વગેરેના વર્ણનની આડમાં તે વિગત પૃથક્ રીતે મળતી હોય છે.

મહાકવિ વાલ્મીકિના આદિકાવ્ય રામાયણમાં પણ તેમણે ફક્ત વર્ષાના 66 શ્લોક, શરદના 69 શ્લોક, હેમંતના 43 શ્લોક અને વસંતઋતુના 130 શ્લોક કથ્યા છે. વિશાળ ગ્રંથના પ્રમાણમાં જોઈએ તો આ શ્લોકસંખ્યા ખૂબ જ ઓછી ગણાય. વળી ગ્રીષ્મ અને શિશિર ઋતુઓનો તો ઉલ્લેખ કવિએ તેમાં કરેલ જ નથી.

સમગ્ર સંસ્કૃતિ સાહિત્યમાં ફક્ત ઋતુઓનું વર્ણન દર્શાવતું આ પ્રથમ અને અંતિમ એકમાત્ર અનુપમ કાવ્ય છે. જેમાં કવિએ બધી જ છ ઋતુઓને ફક્ત ઋતુઓના સંદર્ભે જોઈ, આ ગીતિકાવ્યની રચના કરી છે તે આ કાવ્યની મહત્ત્વની વિશેષતા છે.

# ઋતુસંહારમાં પ્રકૃતિ ચિત્રણ અને સમાજજીવન

ઋતુસંહાર ગીતિકાવ્યમાં કાલિદાસને જાણે કે સૃષ્ટિ પરની ઋતુલીલા વર્ણવવાનો છૂટો દોર મળી ગયો હતો! પૃથ્વી પરના જીવશ્રેષ્ઠ મનુષ્યથી માંડી સૂક્ષ્મ કીટક સુધીનાં પ્રાણીઓનું સૂક્ષ્મ નિરીક્ષણ કરનાર આ મહાકવિની દૃષ્ટિએ દરેક જીવ પર ઋતુઓની શું-શું અસર થાય છે, તેનું વર્ણન છ ખંડના 154 શ્લોકોમાં સુંદર રીતે ઝિલાયું છે. અહીં જીવંત પ્રાણીઓની સાથોસાથ વનસ્પતિ સૃષ્ટિમાં થતા ફેરફારો, તેનાં પુષ્પોની વિગત, રંગ, સુવાસ વગેરેની કાવ્યાત્મક વિગત સમયે-સમયે વિસ્તારથી આપી છે.

## પ્રથમ ખંડ ગ્રીષ્મ

- પ્રથમ ખંડ ગ્રીષ્મમાં બીજા શ્લોકમાં કવિ શીતળતા માટે વપરાતા લેપન પદાર્થો, ચંદન (Stentalum Album)નો ઉલ્લેખ કરે છે. ભારતીય માન્યતા અનુસાર કેટલાંક મોતીઓ અને કેટલાક પ્રકારના મણિ (દાખલા તરીકે ચંદ્રકાન્ત) પણ શીતળતા આપે છે. તેનો પણ અહીં ઉલ્લેખ કરે છે.

निशाः शशाङ्कक्षतनीलराजयः क्व चिद् विचित्रं जलयन्त्रमन्दिरम् ।
मणिप्रकाराः सरसं च चन्दनं शुचौ प्रिये यान्ति जनस्य सेव्यताम् ॥ २ ॥

*(હે) પ્રિયે! ઉનાળામાં ચંદ્રથી ખંડિત કરાયેલ અંધકારની હારમાળાવાળી રાત્રિઓ, ક્યાંક વિચિત્ર (જુદીજુદી જાતનાં) જલયંત્ર- ફુવારાવાળા ઘર અને (ચંદ્રકાન્ત વગેરે જેવા) મણિના પ્રકારો અને સરસ ચંદન માણસ માટે સેવ્યતાને પ્રાપ્ત થાય છે (એટલે માણસો આ જ બધાનું સેવન કરે છે).*

- ત્રીજા શ્લોકમાં મધુ એટલે કે આસવનો ઉલ્લેખ કરે છે. કવિ આ મધુ આસવનું પાન, સ્ત્રી-પુરુષ બંને સજોડે કરતાં હોય, તેવો ઉલ્લેખ, રસિક રીતે, 'પ્રિયા મૂખોચ્છ્વાસ વિકમ્પિત' તે શબ્દોથી કરે છે.

सुवासितं हर्म्यतलं मनोरमं (मनोहरं) प्रियामुखोच्छ्वासविकम्पितं मधु ।
सुतन्त्रिगीतं मदनस्य दीपनं शुचौ निशीथेऽनुभवन्ति कामिनः ॥ ३ ॥

*ઉનાળામાં કામીજનો રાત્રે સુવાસિત અને મનોહર મહેલની અગાશી, (પોતાની) પ્રિયતમાના મુખના ઉચ્છ્વાસથી કંપિત મધુ (એટલે દારૂ) અને કામદેવનું ઉદ્દીપન કરાવતું વીણા સાથેનું ગીત અનુભવે છે (એટલે આ બધાથી આનંદ માણે છે).*

- અહીં ચોથા શ્લોકમાં કવિ દુકૂલ (Linen) વસ્ત્રનો ઉલ્લેખ કરે છે, જે ઉચ્ચ ગુણવત્તાનું કાપડ છે. સમગ્ર કાવ્યમાં ક્યાંય સાદા સુતરાઉ કાપડનો ઉલ્લેખ નથી. તેનો અર્થ એમ થાય કે તે સમયે યા તો પ્રજા એટલી સમૃદ્ધ અને સુખી હશે કે બધાં જ આ પ્રકારનાં ઉચ્ચ ગુણવત્તાનાં કાપડ વાપરતાં હશે અથવા તો કાલિદાસે માત્ર કુલીન વર્ગના લોકોના જીવનનું જ વર્ણન કરેલું હશે.

नितम्बबिम्बैः सुदुकूलमेखलैः स्तनैः सहाराभरणैः सचन्दनैः ।
शिरोरुहैः स्नानकषायवासितैः स्त्रियो निदाघं शमयन्ति कामिनाम् ॥ ४ ॥

*સ્ત્રીઓ કામીજનોના ઉનાળા(ના સંતાપ)ને રેશમી વસ્ત્ર અને કંદોરાવાળા બિંબસમા ગોળ નિતંબોથી, હાર અને અન્ય આભરણયુક્ત ચંદન સહિતનાં સ્તનોથી અને સ્નાન સમયે વાપરેલ સુગંધી દ્રવ્યોથી સુવાસિત કેશોથી, શાંત કરે છે (આ બધી વસ્તુઓનો સ્પર્શ કામીઓના સંતાપિત મનને આનંદિત કરે છે).*

આ શ્લોકમાં તે પણ ઉલ્લેખ છે કે સ્નાન સમયે સુગંધિત પદાર્થોનું ઉબટન થતું અને તે પછી કેશમાં સુગંધી દ્રવ્યોનો છૂટથી ઉપયોગ થતો. કાલિદાસના અન્ય સર્જન 'અભિજ્ઞાન શાકુંતલમ્'માં ચોથા ખંડમાં પણ આ પ્રકારના પદાર્થોનો ઉલ્લેખ મળે છે.

- પાંચમા શ્લોકમાં સ્ત્રીઓના પગને લાખ ('Lecifer Lacca')ના રસથી રંગવામાં એટલે કે આળતો કરવામાં આવતો તેનું વર્ણન છે. આ પ્રાચીન પ્રથા આજે પણ માંગલિક પ્રસંગોમાં નારીઓમાં પ્રિય છે. આ સુવાસિત લાલ રંગનું દ્રવ્ય, વૃક્ષો પરથી લાવવામાં આવતું. સંપૂર્ણ દુકૂલના શ્વેત વસ્ત્ર ધારણ કરેલ સ્ત્રી તથા તેના માત્ર આળતાથી રંગાયેલ પગ, તે બંનેનાં સંયુક્ત દેખાવને કવિ, સંપૂર્ણ શ્વેત રંગના – ફક્ત રંગીન પગવાળા હંસ – (Anser Andicus) સાથે કેટલી ઉચિત રીતે સરખાવે છે! વળી નાયિકાના પગનાં ઝાંઝરનો મધુર અવાજ, તેનું ચલન, હંસના કલરવની સાથે બરોબરી કરે તેવું છે, તેમ કહે છે.

नितान्तलाक्षारसरागलोहितैर् नितम्बिनीनां चरणैः सुनूपुरैः ।
पदे पदे हंसरुतानुकारिभिर् जनस्य चित्तं क्रियते समन्मथम् ॥ ५ ॥

*(ઉનાળામાં) પુષ્કળ લાખના રસ (અળતા)થી રંગેલા, ઝાંઝરવાળા અને ડગલે ને પગલે હંસના કલરવનું અનુકરણ કરતાં, સુંદરીઓનાં ચરણો (કામી) લોકનાં ચિત્તને મન્મથ (કામ-વાસના)વાળું બનાવે છે.*

- છઠ્ઠા શ્લોકમાં સ્તનને 'તુષારગૌર' કહ્યાં છે. આવા ઉનાળામાં હિમશિખરની ઉપમા આપી તે પરથી ફલિત થાય છે કે કાલિદાસ ઉત્તર ભારતના હિમાલય તળેટીના પ્રદેશના નિવાસી હોવા જોઈએ.

पयोधराश्चन्दनपङ्कचर्चितास् तुषारगौरार्पितहारशेखराः ।
नितम्बदेशाश्चलहेममेखलाः प्रकुर्वते कस्य मनो न सोत्सुकम्॥ ६॥

*ચંદનના લેપથી લેપાયેલા, તુષાર (બરફ) સમાન શ્વેતહારથી યુક્ત અગ્રભાગવાળાં સ્તનો, ચલિત સોનાની મેખલાન(કંદોરા)વાળા, (સુંદરીના) ગોળ નિતંબો કોના મનને સમુત્સુક ન કરે? (અર્થાત્ બધાના મનને ઉત્સુક બનાવે.)*

નાયિકા એ ધારણ કરેલ હેમમેખલાનું વર્ણન તે સમયની અલંકારપ્રણાલી અને આજ પર્યંત ચાલી આવતી તે પરંપરાને પૂરક છે તથા પાંચમા શ્લોકમાં ઝાંઝર માટે સુવર્ણ શબ્દનો ઉલ્લેખ નથી. તો અહીં મેખલા માટે છઠ્ઠા શ્લોકમાં સુવર્ણનો સ્પષ્ટ ઉલ્લેખ છે. તે દર્શાવે છે કે સુવર્ણને પવિત્ર ધાતુ ગણવામાં આવતી અને કમરથી ઉપરના ભાગના અલંકારોમાં જ તેનો ઉપયોગ કરવામાં આવતો. પગમાં ઝાંઝર, તોડા, કડા, છડા, નખલી, માછલી વગેરે બનાવવામાં આ પવિત્ર ધાતુનો ઉપયોગ કરવામાં આવતો નહીં, પરંતુ સામાન્ય રીતે ચાંદી વાપરવામાં આવતી.

- સાતમા શ્લોકમાં ભારતીય સૌંદર્ય અને શિલ્પશાસ્ત્રીની માન્યતા અનુસાર સપાટ સ્તનવાળી યૌવનાઓ નહીં, પરંતુ ઉન્નતસ્તનવાળી સ્ત્રીઓને જ સૌંદર્યનું પ્રતીક ગણવામાં આવતી તે રીત અનુસાર અહીં ઉલ્લેખ થયેલ છે તથા ઋતુઓ પ્રમાણે વસ્ત્રોની જાડાઈ ધારણ કરવામાં આવતી તે ફલિત થાય છે.

समुद्गतस्वेदचिताङ्गसंधयो विमुच्य वासांसि गुरूणि सांप्रतम् ।
स्तनेषु तन्वंशुकमुन्नतस्तना निवेशयन्ति प्रमदाः सयौवनाः॥ ७॥

*યુવાન, ઉન્નત સ્તનવાળી પ્રમદા (સ્ત્રીઓ), ઉત્પન્ન થયેલા પરસેવાથી ખરડાયેલા અંગની સંધિના ભાગોવાળી, ભારે વસ્ત્રો છોડી દઈને હવે પોતાનાં સ્તનો ઉપર ઝીણાં વસ્ત્રો ધારણ કરે છે.*